મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૦ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરમાં કોરોના ટેસ્ટ માટે લાંબી લાઈનો

## સ્વાસ્થ્યકર્મીઓને શહેરના દર્દીઓ જમવાનો પણ બ્રેક લેવા નથી દેતા

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં કોરોનાના કેસમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે શહેરની હોસ્પિટલ અને કોવિડ ટેસ્ટ સેન્ટર ફુલ છે. સરકારી દવાખાનામાં ટેસ્ટ કરાવવા માટે લાંબી લાઈનો લાગે છે ત્યારે આરટીપીસીઆર ટેસ્ટ કરવા માટે પણ હવે ભીડ વધી છે. વચ્ચેના સમયગાળામાં કોરોનાના કેસની સંખ્યા ઘટતા કોવિડ ટેસ્ટ સેન્ટર બંધ કરાયા અથવા તો ઘટાડી દેવાયા હતા પરંતુ છેલ્લા પંદરેક દિવસમાં અચાનક કોરોના કેસમાં વધારો થતા શહેરમાં તંત્ર દોડતું થયું છે અને કોવિડ ટેસ્ટ સેન્ટરમાં વધારો થયો છે. એન્ટિજન ટેસ્ટ પોઝિટીવ આવ્યા બાદ દર્દીઓ આરટીપીસીઆર તરફ પણ આગળ વધે છે. ઉપરાંત શહેરમાં પરિસ્થિતિ એક હદે નબળી પડી છે કે કોરોના પેશન્ટ ને ચાર ચાર કલાક બ્લડ ટેસ્ટ કરાવવા માટે લાઈનમાં ઉભું રહેવું પડે છે.

શહેરમાં આરટીપીસીઆર ટેસ્ટ કરાવવા માટેના ટોકન ખરીદવા માટે પણ લાઈન લાગી રહી છે. એક પરિવારના તમામ સભ્યો ગાડીમાં બેસે



અને ઘરના મોભી બધા વતી ટોકન ખરીદી આવે અને વારો આવતા બધા એક પછી એક ટેસ્ટ કરાવી રહ્યા છે. ટેસ્ટ કરી રહેલ કર્મચારીઓ હાલના દિવસમાં ટેસ્ટ કરીને થાકે છે પણ પેશન્ટ ખૂટતા જ નથી. જમવા જવાનો બ્રેક પણ પેશન્ટ લેવા નથી દેતા તેવું આ શહેરના સ્વાસ્થ્ય કર્મીઓનું કહેવું છે. કોરોનામાં જયારે દર્દીઓને અશકિત આવી જતી હોય છે ત્યારે તેમને ૨ કલાક લાઈનમાં ઉભા રહીને ટેસ્ટ કરાવવાનો વારો આવ્યો છે ત્યારે બીજી બાજુ આજે શહેરના તમામ સેકટરોના ઘરે ઘરે એક એક કેસ છે તેમ જણાઈ રહ્યું છ. શું શહેરીજનો પોતાના સ્વાસ્થ્યની કાળજી માટે એટલા બેદરકાર થઈ ગયા હતા કે આજે સૌ પ્રથમ કવિક કયોર ગાંધીનગરમાં કોરોનાના દર્દીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સરકારની આટ આટલી ચેતવણી છતાં શહેરીજનો હજી પણ માસ્ક વગર અને લારી ગલ્લા પર એકઠા થયેલા દેખાય છે. આમને આમ રહ્યું તો શું આરટીપીસીઆર ટેસ્ટ કે કોરોનાની દવા કે રસી તમને કોઈ પણ બચાવી શકશે ખરા? શું કોરોના ટેસ્ટ કરાવવા આવનાર દર્દીમાંથી કોઈ નેગેટીવ હશે અને એ પણ જો આ ૨ કલાક બધાની સાથે લાઈનમાં ઉભા રહે તો ઈન્ફેકશન ન લાગી શકે?




ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ પાછી ઠેલાઈ છે. કોરોનાના કાળા કેર વચ્ચે ચૂંટણીઓ મોકુફ રહેતા વસાહતીઓને હાશ થઈ છે. ઈલેકશન જાહેર થયું ત્યારથી જ તમામ પક્ષોએ પોતાનો પ્રચાર જોરશોરથી ચાલુ કરી દીધો હતો. સર્કલો પર મસ મોટા પોસ્ટર, બેનર અને ઝંડા લગાવાયા હતા. ચૂંટણીઓ હાલ પૂરતી મોકુફ રહેતા દબાણ વિભાગે ઝંડા, પોસ્ટર સહિતની પ્રચાર સામગ્રી હટાવવાની કામગીરી શરૂ કરી દીધી છે.

## ચુંટણી રદ પૂર્વે કોંગ્રેસના વોર્ડ નં.૪ ની બેઠક યોજાઈ






ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીની તડામાર તૈયારીઓ ઉમેદવારો દ્વારા ચાલી રહી હતી. ત્યારે ચુંટણી પંચ દ્વારા ગાંધીનગર મનપાની ચુંટણી મોકુફ રાખવામાં આવી છે. તે પૂર્વે ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં.૪ માં કોંગ્રેસ દ્વારા વિવિધ સમાજના આગેવાનો, બુથના એજન્ટો, વેપારીઓ, વસાહતીઓ તેમજ કાર્યકરોનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વોર્ડ નં.૪ ના ઉમેદવારો રોશનબેન યુસુફભાઈ પરમાર, હસમુખ જુગાજી ઠાકોર, લલિતાબેન ઠાકોર, રાકેશ વસૈયા હાજર રહ્યા હતા. ત્યારે મુખ્ય મહેમાન તરીકે કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, પ્રવકતા જયરાજસિંહ પરમાર, ગાંધીનગરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પૂર્વ ડે.મેયર યુસુફભાઈ પરમાર, માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન વજીરખાન પઠાણ અને ઈશાકભાઈ શેખ સહિત વોર્ડ નં.૪ ના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# પિતાએ બે દિકરીઓ સાથે લિંબડીયા કેનાલમાં કુદકો માર્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના માધવગઢના શ્રમિક પરિવારના યુવાને તેની નાની બે દિકરીઓ સાથે લિંબડીયા કેનાલમાં મોતની છલાંગ લગાવી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવમાં કરાઈ નર્મદા કેનાલ પાસેથી બે દિકરીઓના મૃતદેહ મળી આવતા ફાયરબ્રિગેડના જવાનોએ બહાર નીકાળ્યા છે. જયારે દિકરીઓના પિતાના મૃતદેહની શોધ મોડીસાંજ સુધી ચાલી હતી. બે દિકરીઓના મૃતદેહ પરિવારને સોંપતા તેમના પર આભ તુટી પડ્યું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસની શરુઆત કરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત





મુજબ ગાંધીનગર જિલ્લાના સાદરા નજીક આવેલા માધવગઢ ગામ ખાતે રહેતા રમેશભાઈ ઓડના ત્રણ દિકરાઓ પૈકી ૩૨ વર્ષિય શૈલેષ ઓડના લગ્ન નીમા સાથે થયા હતા. આ લગ્નજીવન દરમિયાન નીમાબેનો બે દિકરીઓનો જન્મ આપ્યો હતો. જેમાં ૬ વર્ષિય દિકરી પ્રિયાંશી અને ૪ વર્ષિય દિકરી શ્વરાનો સમાવેશ થાય છે. શૈલેષ રેતીનું ટ્રેકટર ચલાવીનો પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. શૈલેષ બંન્ને દિકરીઓને વાળ કપાવવાનું કહીને બાઈક પર લઈને નીકળ્યો હતો. લીંબડીયા કેનાલ પાસે બાઈક પાર્ક કરીને બંન્ને દિકરીઓ સાથે તેને મોતની છલાંગ લગાવી હતી તેમ પ્રત્યક્ષદર્શીઓ કહી રહ્યા હતા. અચાનક કેનાલમાં બે બાળકીઓ સાથે યુવકે કુદકો મારતા સ્થાનિક નાગરીકો અને વાહનચાલકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ ફાયરબિગ્રેડને થતા તાત્કાલીક જવાનો પહોંચીને કરાઈ નર્મદા કેનાલમાંથી બે બાળકીઓનો મૃતદેહ બહાર નીકાળ્યો હતો. જયારે પોલીસને પણ શૈલેષ અંગે કોઈ ભાળ મળી ન હતી. બનાવને પગલે ડભોડા પોલીસ મથકના જમાદાર પદમસિંહ દોડી આવીને આગળની તપાસ હાથ ધરી હતી.

## દંતાલી ગામની ૨૧ વર્ષિય મહિલા ગુમ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકાના દંતાલી ગામ ખાતે વસવાટ કરતા ૨૧ વર્ષિય મહિલા ગુમ થઈ જતા પોલીસે તપાસ શરુ કરી છે. દંતાલી ગામે ટાંકીવાળા વાસ ખાતે રહેતા પુજાબેન રાજેશજી ઠાકોર ગુમ થયા છે. પુજાબેન ઘરેથી શેરથા કસ્તુરીનગર ખાતે પોતાની બહેનના ઘરે જતા હોવાનું કહીને નીકળ્યા હતા. જો કે તે પોતાના બહેનના ઘરે પહોચ્યા ન હતા. મોડી સાંજ સુધી તેઓ ઘરે પરત ન ફરતા પરિવારજનોએ પુજાબેનની શોધખોળ આદરી હતી. સગા-સ્નેહીજનો સહિત તમામ સ્થળે તપાસ કરવા છતા તેઓ ન મળી આવતા પરિવારજનોએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે જાણવાજોગ અરજીની નોંધ કરી વધુ તપાસ એએસઆઈ રતનલાલ બનવારીલાલ તપાસ ચલાવી રહ્યા છે.અંદાજીત સાડાત્રણ ફુટની ઉંચાઈ ધરાવતા પુજાબેન શરીરે પીળા કલરની કાળા ટપકાવાળી સાડી અને કાળા કલરનો બ્લાઉઝ પહેર્યો હતો. ધોરણ-૫ સુધી ભણેલા પૂજાબેન ગુજરાતી, હિન્દી ભાષાના જાણકાર છે. તેમના ડાબા હાથના કાંડા પર રાજેશ નામ ત્રોફાવેલું છે. મહિલા અંગે કોઈ માહિતિ મળે તો અડાલજ પોલીસ મથકનો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.



## હોમ કવોરન્ટાઈન પરિવારો માટે રાધે રાધે પરિવાર દ્વારા ટીફીન સેવા

હાલમાં કોરોનાનો કપરો સમય ચાલી રહ્યો છે. આખે આખા પરિવારો કોરોનામાં સપડાઈ રહ્યા છે. આખે આખા પરિવારોને કવોરન્ટાઈન થવું પડે છે. આવા કપરાં સમયમાં રાધે રાધે પરિવારે હોમ કવોરન્ટાઈન પરિવારો માટે નિઃશુલ્ક ટીફીન સેવાનો પ્રારંભ કર્યો છે.

જે પરિવારો જમવાનું બનાવી શકે તેવી સ્થિતિમાં ન હોય તેને રાધે રાધે પરિવારના સ્વયં સેવકો ટીફીન પહોંચાડી આપશે. આ સેવા સેકટર-૧ થી ૩૦ના વિસ્તારમાં ઉપલબ્ધ રહેશે. આ સેવા માટે ૮૧૪૧૭ ૪૩૨૪૧ અને ૯૧૫૭૬ ૩૭૮૭૭ પર સંપર્ક સાધવાનો રહેશે.

# ગાંધીનગરનું ગૌરવ - વિદ્યાર્થીએ રાષ્ટ્રીય સ્તરની પરીક્ષામાં ડંકો વગાડ્યો

ગાંધીનગર, તા.૧૦

ભારતભરની ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ માટે વર્ષે લેવામાં આવનાર સી.એમ.એ.ટી(કોમન મેનેજમેન્ટ એડમિશન ટેસ્ટ) જેવી ઉચ્ચ સ્તરની ઓલ ઈન્ડિયા લેવલની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગાંધીનગરના વિદ્યાર્થી યુગલ ભારદ્વાજે ૯૯.૦૬ પર્સેંટાઈલ પ્રાપ્ત કરી મેદાન માર્યુ છે. પ્રાપ્ત માહિતિ અનુસાર આ પરીક્ષા ભારતભરમાં લગભગ ૨૭૫થી પણ વધુ વિવિધ સેન્ટર ઉપર વિવિધ ૧૫૩ શહેરમાં ૩૧ માર્ચે આયોજિત કરવામાં આવી હતી. અંદાજે ૭૨,૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં હાજરી નોંધવી હતી. વિદ્યાર્થી યુગલ ભારદ્વાજના જણાવ્યા અનુસાર એમનુ સપનું હતું કે તે ભારતભરની



ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ માંથી એમ.બી.એનો અભ્યાસ પૂરો કરે અને એ માટે લેવામાં આવતી સી.મેટ ની પરીક્ષા માટેની તૈયારી ઘણા સમયથી કરી રહ્યા હતા. વધુમાં એમને આ પરીક્ષા માટે યોગ્ય અને સચોટ માર્ગદર્શન પૂરું પાડવા બદલ હાર્દિક પરીખ સરનો આભાર વ્યકત કર્યો હતો.વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર હાર્દિક સરે એમને આ પરીક્ષા ઉત્તીર્ણ કરવા માટે ખૂબ જ સહકાર આપેલ છે. હાર્દિક સર સાથેની વાતચીતમાં એમને આ પરિણામનો સંપૂર્ણ યશ યુગલને આપતા જણાવ્યુ હતું કે માર્ગદર્શકનું કામ ફક્ત યોગ્ય રાહ ચીંધવાનું હોય છે એ પછી સૌથી મહત્વનુ કામ એના ઉપર ચાલવાનું કામ વિદ્યાર્થીનું પોતાનું હોય છે.

## રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા લાવરપુર ગામે ૩૦૦૦ માસ્કનું વિતરણ કરાયું




ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં અત્યારે કોરોના કેસો ખૂબ મોટી માત્રામાં વધી રહ્યા છે ત્યારે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા જુદા જુદા ગામોમાં અને વિસ્તારોમાં મોટા પાયે માસ્ક વિતારણનું આયોજન કરાયું છે જેના ભાગરૂપે આજરોજ રોટરી ક્લબ ગાંધીનગર તથા સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા લાવરપુરના ગ્રામજનોને નિઃશુલ્ક N-95 ના ૩૦૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું. રોટરી ક્લબ ઓફ ગાંધીનગર તરફથી પ્રમુખ કુલદીપ જૈન, પૂર્વ પ્રમુખ દિલીપભાઈ પટેલ, રોટરિયન બાબાસાહેબ હરસોલિયા તથા મહેન્દ્રભાઈ પોખરીયાલ હાજર રહ્યા હતા સાથે લવારપુર ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ તથા ઉપસરપંચ પરેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી તમામ જરૂરી સહયોગ પૂરો પાડ્યો હતો.

# દેશમાં ગુનાઓના અંકુશ માટે ડિજિટલ ફોરેન્સિક નિષ્ણાતોની જરૂરિયાત વધી રહી છેઃ કુલપતિ ડો. જે. એમ.વ્યાસ

## નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી દ્વારા 'એડવાન્સ ટ્રેન્ડ્સ ઇન ડિજિટલ ફોરેન્સિક્સ' પર પાંચ દિવસીય ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ સંપન્ન

ગાંધીનગર, તા.૧૦

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરની સ્કૂલ ઓફ સાયબર સિક્યુરિટી એન્ડ ડિજિટલ ફોરેન્સિક્સ દ્વારા પાંચ દિવસીય ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એફડીપી)નું આયોજન થયું હતું. જેમાં 'એડવાન્સ ટ્રેન્ડ્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ' વિષય પર આધારિત ઓનલાઈન પ્રોગ્રામનું સમાપન શુક્રવારે થયું હતું. આ અત્યંત વિશિષ્ટ ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામને વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. જેમાં, ૧૫૦થી વધુ શિક્ષણવિદો, સંશોધનકારો, ભારત અને વિદેશ સ્થિત સુરક્ષા ક્ષેત્રે સંકળાયેલા અધિકારીઓ પણ




જોડાયા હતા.

ઓનલાઈન કાર્યક્રમના પ્રથમ દિવસે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસે 'એડવાન્સ ફોરેન્સિક્સ ઈન્વેસ્ટિગેશન એપ્રોચ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ડૉ. વ્યાસે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં દેશમાં ડિજિટલ ફોરેન્સિક્સ નિષ્ણાતોની જરૂરિયાત વધી રહી છે ત્યારે ગુનાને કાબૂમાં લેવા માટે આ પ્રકારના નિષ્ણાતોની આવશ્યકતા ખૂબ જ વધુ છે. ટેક્નોલોજીનો ઉપયોગ માનવને સુવિધા તો આપે છે, પરંતુ બીજી તરફ ગુનેગારો આ ટેક્નોલોજીનો પોતાના સ્વાર્થ માટે દુરુપયોગ કરે છે. તેથી, સાયબર સિક્યુરિટી એક્સપર્ટ્સ અને ડિજિટલ ફોરેન્સિક નિષ્ણાતોને નવી ટેક્નોલોજી અને સંશોધનથી સજ્જ કરવા એ વર્તમાન સમયની જરૂરિયાત છે.

## જન્મદિને વધામણી



અશોકકુમાર જયંતિલાલ ત્રિવેદી



મંથન સંજયકુમાર ત્રિવેદી
મો. ૮૪૮૭૦ ૮૯૩૨૭



શ્રદ્ધા એન પટેલ
(આશાપુરા ગ્રુપ)
મો. ૯૬૨૪૧ ૨૯૨૪૧



નવ્યા મુકેશકુમાર પટેલ



ઉષા તટુ
લાયોનેસ ક્લબ



માલવિક મુકેશકુમાર પટેલ



રોહિત પાલ



કિઆન જીગર પેઈન્ટર
મો. ૯૯૦૯૭ ૧૧૧૯૯



નિસર્ગ વાય શુક્લ
વેબ ડેવલપર
મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭



દેવ નિમ્બાર્ક
મો. ૮૮૬૬૩ ૪૦૨૫૬



જયદીપભાઈ સુખડીયા

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. મકવાણા બચુજી ભલાજી, ઉ.વ. ૫૪, ઈન્દ્રોડા
- સ્વ. પટેલ મહેન્દ્રભાઈ કેશાભાઈ, ઉ.વ. ૩૭, શિયાવાડા, દહેગામ
- સ્વ. દેસાઈ કાળાભાઈ સરતાનભાઈ, ઉ.વ. ૬૨, ધણપ
- સ્વ. વાઘેલા નીરૂબેન અજીતસિંહ, ઉ.વ. ૪૩, લેકાવાડા
- સ્વ. પટેલ ઈશ્વરભાઈ કાળીદાસ, ઉ.વ.૮૪, મણીપુરા,વિજાપુર
- સ્વ. પરમાર ડાહ્યાભાઈ પાઉલભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૩
- સ્વ. પટેલ પ્રવિણકુમાર શંકરલાલ, ઉ.વ. ૪૭, લોદ્રા, માણસા
- સ્વ. શાહ જયશ્રીબેન શૈલેષકુમાર, ઉ.વ. ૪૯, સાબરમતી, અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ ચેતનકુમાર રણછોડભાઈ, ઉ.વ. ૪૬, વિજાપુર, મહેસાણા
- સ્વ. ઠાકોર આશાબેન ભરતજી, ઉ.વ.૪૭, ઈન્દ્રોડા
- સ્વ. જયસ્વાલ જીતેન્દ્રકુમાર બાબુલાલ, ઉ.વ. ૩૩, મોટા ચિલોડા
- સ્વ. પટેલ વિનોદભાઈ ગીરીશભાઈ, ઉ.વ. ૬૫, રાંધેજા
- સ્વ. લિમ્બાચીય કનુભાઈ ત્રિકમલાલ, ઉ.વ. ૫૫, સેકટર-૨૨
- સ્વ. પટેલ અંબાલાલ કેશવલાલ, ઉ.વ. ૮૬, નારદીપુર, કલોલ
- સ્વ. ડાભી જસવંતસિંહ સરદારસિંહ, ઉ.વ. ૫૮, બોરીજ
- સ્વ. રાણા જયેન્દ્રસિંહ હિંમતસિંહ, ઉ.વ. ૩૮, ધણપ
- સ્વ. સોલંકી વરસંગજી પ્રતાપજી, ઉ.વ. ૬૨, ડભોડા
- સ્વ. ખાંટ પ્રધાનજી ગોકાજી, ઉ.વ. ૬૦, બોરીજ
- સ્વ. પ્રજાપતિ વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૫૮, સેકટર-૨૮
- સ્વ. ગોંડ ગીતાબેન છાગુરરામ, ઉ.વ. ૫૬, સેકટર-૧૩
- સ્વ. કનોજીયા રમાશંકર કતવાચ, ઉ.વ. ૬૦, સેકટર-૩૦
- સ્વ. ઠાકોર સોનલબેન ભાવેશકુમાર, ઉ.વ. ૪૮, પડુસમા, માણસા
- સ્વ. પિલ્લાઈ આર. ક્રિષ્ણ, ઉ.વ. ૭૯, સેકટર-૬
- સ્વ. મકવાણા ધીરૂભાઈ સોમજીભાઈ, ઉ.વ. ૬૩, સેકટર-૨૨
- સ્વ. મિસ્ત્રી કમળાબેન ચીમનલાલ, ઉ.વ. ૮૫, માણસા
- સ્વ. દવે પ્રકાશચંદ જયંતિલાલ, ઉ.વ. ૬૮, વાવોલ
- સ્વ. વાળંદ અમૃતલાલ નાનજીભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૨
- સ્વ. દરજી મહેશભાઈ ગોવિંદભાઈ, ઉ.વ. ૫૫, ડભોડા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ડોડિયા દિગંત લાલસિંહ, ઉ.વ. ૪૩, કુડાસણ
- સ્વ. પરમાર જગદીશભાઈ બાબુભાઈ, ઉ.વ. ૬૮, સેકટર-૧૩
- સ્વ. શર્મા સોનલ, ઉ.વ.૩૬, સેકટર-૪
- સ્વ. સુથાર કિરીટભાઈ આશાભાઈ, ઉ.વ. ૭૧, રાંદેસણ
- સ્વ. દરજી બચુભાઈ બોધાભાઈ, ઉ.વ. ૬૨, મોટા ચિલોડા
- સ્વ. નાચી ગોદાવરીબેન બળવંતભાઈ, ઉ.વ. ૭૨, કુડાસણ
- સ્વ. પટેલ જશુભાઈ મણીલાલ, ઉ.વ. ૮૦, કુડાસણ
- સ્વ. પટેલ કમલેશ ઈશ્વરભાઈ, ઉ.વ. ૫૮, શાહપુર
- સ્વ. વાઘેલા રણજીતસિંહ દીપુજી, ઉ.વ. ૪૯, રાંદેસણ
- સ્વ. પ્રજાપતિ ઈશ્વરભાઈ માધાભાઈ, ઉ.વ.૮૦, ઉવારસદ